**STATE EXAMINATION BOARD - GANDHINAGAR**

## HMAT EXAM-2017 (Exam Date : 08-10-2017) Final Answer Key (Publish Date : 13 - 10 - 2017)

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| વિભાગ-૧ (સામાન્ય અભ્યાસ) | | |
| 1 | ભારતના બંધારણમાં 'મૂળભૂત ફરજો' નો સમાવેશ કયા બંધારણીય સુધારાથી કરવામાં આવ્યો છે ? | 42 મો બંધારણીય સુધારો |
| 2 | રાજ્યપાલ બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ ? | 35 વર્ષ |
| 3 | ભારત દેશની શાસન વ્યવસ્થાના સંદર્ભે 'લોકસભા' માટે કયું વિધાન સામાન્ય રીતે સાચું નથી ? | રાષ્ટ્રપતિના આદેશ વગર પણ આ ગૃહના અધ્યક્ષશ્રી ખાસ સત્ર બોલાવી શકે છે. |
| 4 | ભારત દેશની શાસન વ્યવસ્થાના સંદર્ભે 'રાજ્ય સભા' માટે કયું વિધાન સામાન્ય રીતે સાચું નથી ? | તેના સભ્યો પૈકી 11 સભ્યોની નિમણુંક રાષ્ટ્રપતિ કરે છે. |
| 5 | ભારત દેશની શાસન વ્યવસ્થાના સંદર્ભે 'રાજ્ય સભા' માટે કયો વિકલ્પ યોગ્ય નથી ? | રાજ્ય સભાના અધ્યક્ષશ્રીને 'કાસ્ટિંગ વોટ' નો અધિકાર નથી. |
| 6 | ભારત દેશની શાસન વ્યવસ્થાના સંદર્ભે 'રાષ્ટ્રપતિ' ના સંદર્ભમાં સામાન્ય રીતે કયો વિકલ્પ યોગ્ય નથી ? | રાષ્ટ્રપતિએ પોતાનો હોદ્દો ધારણ કરતી વખતે સંસદ સમક્ષ શપથ લેવાના હોય છે. |
| 7 | વિધાનસભાની મુદ્દત દરમિયાન રાજ્યપાલને એમ જણાય કે રાજ્યની વિધાનસભા બંધારણીય રીતે ચાલી શકે તેમ નથી તો તેવા સંજોગોમાં ભારતીય બંધારણની કઇ કલમ હેઠળ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની ભલામણ કરે છે ? | કલમ-356 |
| 8 | રાજ્યની શાસન વ્યવસ્થામાં 'રાજ્યપાલ' માટે સામાન્ય રીતે કયું વિધાન સાચું નથી ? | રાજ્યપાલે હોદ્દો ધારણ કરતી વખતે વડાપ્રધાન સમક્ષ શપથ લેવાના હોય છે. |
| 9 | 'કાદંબરી' મહાકાવ્યના રચયિતા કોણ છે ? | બાણભટ્ટ |
| 10 | ભારતને આઝાદી અપાવવા ક્રાંતિકારીઓએ સરકારી શસ્ત્રાગાર પર છાપો મારી લૂંટ ચલાવવાના મામલે અંગ્રેજ સરકારે ત્રણ ક્રાંતિકારીઓની ધરપકડ કરી, કેસ ચલાવી, ફાંસીની સજા કરેલ હતી. આ ત્રણ ક્રાંતિકારીઓ કોણ હતા ? | રાજગુરૂ, સુખદેવ અને ભગતસિંહ |
| 11 | વિકલ્પમાં દર્શાવેલ વાયુઓ પૈકી પૃથ્વીના વાતાવરણમાં કયા વાયુનું પ્રમાણ સૌથી ઓછું છે ? | કાર્બન ડાયોક્સાઇડ |
| 12 | ભારત દેશનું કયું શહેર 'સરેરાશ વસતી ગીચતા' ની દ્રષ્ટિએ વધુ વસતી ગીચતા ધરાવતું શહેર છે ? | દિલ્હી |
| 13 | આખ્યાન શિરોમણી તરીકે કોણ ઓળખાય છે ? | પ્રેમાનંદ |
| 14 | VVPAT નું પુરૂંનામ શું છે ? | વોટર વેરીફાએબલ પેપર ઓડિટ ટ્રાઇલ |
| 15 | તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના કયા કેપ્ટને સળંગ ચોથો શ્રેણી વિજય મેળવ્યો ? | વિરાટ કોહલી |
| 16 | સમગ્ર ભારતમાં 10 + 2 + 3 તરાહ અપનાવવા અંગેની ભલામણ કયા પંચે કરી હતી ? | રાષ્ટ્રીય શિક્ષણ પંચ |
| 17 | માધ્યમિક શિક્ષણ પંચ અન્ય કયા નામથી ઓળખાય છે ? | મુદાલિયર કમિશન |
| 18 | કયા શિક્ષણ પંચે દરેક રાજ્યમાં 'પાઠ્યપુસ્તક મંડળ' સ્થાપવાની ભલામણ કરી હતી ? | મુદાલિયર કમિશન |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 19 | માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે 'ત્રણ ભાષાઓ' શીખવવાની ભલામણ કયા શિક્ષણ પંચે કરી હતી ? | રાષ્ટ્રીય શિક્ષણ પંચ |
| 20 | 'ક્રિયાત્મક સંશોધન' માટે કયો વિકલ્પ યોગ્ય નથી ? | તેના તારણો સંબંધિત જૂથ સિવાય પણ લાગુ પાડી શકાય છે. |
| 21 | 'ક્રિયાત્મક સંશોધન' નું પ્રથમ સોપાન કયું છે ? | સમસ્યાની પસંદગી કરવી |
| 22 | 'ક્રિયાત્મક સંશોધન' ના સંદર્ભમાં 'ઉત્કલ્પનાઓ' ની રચના માટે શું સાચું નથી ? | ઉત્કલ્પનામાં સંભવિત પરિણામની આગાહી કરવાની હોતી નથી. |
| 23 | 'ક્રિયાત્મક સંશોધન' ની સમગ્ર પ્રક્રિયાના પરિપ્રેક્ષ્યમાં આપેલ વિકલ્પોમાંથી કયો વિકલ્પ મર્યાદા ગણાશે ? | આત્મલક્ષીપણું વધુ આવે તો આવા સંશોધન નિષ્ફળ જાય છે. |
| 24 | નીચેનામાંથી કયું કાર્ય NUEPA નું નથી ? | પાઠ્યપુસ્તકની રચના કરવી |
| 25 | નીચેનામાંથી કયું કાર્યક્ષેત્ર GCERT નું નથી ? | ખાનગી શાળાઓની ફી નિર્ધારીત કરવી |
| 26 | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનું ભવન કયા નામે ઓળખાય છે ? | વિદ્યાયન |
| 27 | CBSE બોર્ડનાં ચેરપર્સનનો કાર્યભાર હાલ કોની પાસે છે ? | શ્રીમતી અનિતા કરવાલ |
| 28 | NCERT અંતર્ગત કાર્યરત રીજીયોનલ ઇન્સ્ટીટ્યુટ (R.I. NCERT) પૈકી ગુજરાત કોની સાથે સંકળાયેલું છે ? | ભોપાલ |
| 29 | નેશનલ એચીવમેન્ટ સર્વે દિવસ ક્યારે ઉજવવાનો છે ? | 13 મી નવેમ્બર |
| 30 | નીચે પૈકીના કયા કાર્યક્રમમાં ઇન્ટરૅક્ટિવ બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ? | જ્ઞાનકુંજ પ્રોજેક્ટ |
| 31 | DISE નું પુરૂ નામ જણાવો. | DISTRICT INFORMATION SYSTEM FOR EDUCATION |
| 32 | પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આઇ.ડી. (UID) નંબર કેટલા અંકનો હોય છે ? | 18 |
| 33 | SCE નું પુરૂં નામ શું છે ? | SCHOOL BASED COMPREHENSIVE EVALUATION |
| 34 | તાજેતરમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવાનું કામ કરતી સમિતિમાં નીચેનાં પૈકી કયા સભ્યશ્રી છે ? | શ્રી સુધીર માંકડ |
| 35 | વિદ્યાર્થીઓનાં સંગૃહિત માહિતી પત્રક (CUMULATIVE FORMAT) માટે નીચેનામાંથી શું યોગ્ય છે ? | વિદ્યાર્થીના સર્વગ્રાહી વિકાસની સંપૂર્ણ નોંધ ધરાવે છે. |
| 36 | ગુજરાતમાં અગ્રસચિવશ્રી, શિક્ષણ તરીકે હાલમાં કોણ કાર્યરત છે ? | શ્રીમતી સુનયના તોમર |
| 37 | ગુજરાતમાં માધ્યમિક શિક્ષકોની તાલીમ સાથે નીચે પૈકી કઇ સંસ્થાની જવાબદારી છે ? | RMSA |
| 38 | STTI નું પુરૂં નામ જણાવો. | Secondary Teachers' Training Institute |
| 39 | ઐતિહાસિક પાત્રો અંતર્ગતનાં અધ્યયન કાર્યમાં નીચેનાં પૈકી સૌથી વધારે અસરકારક અધ્યયન પદ્ધતિ કઇ છે ? | જીવન વૃતાંત પદ્ધતિ |
| 40 | CCERT, નવી દિલ્હીનું મુખ્ય કાર્ય શું છે ? | શિક્ષકોને સાંસ્કૃતિક વિરાસતથી અવગત કરીને વિદ્યાર્થીઓને શીખવવા માટે તૈયાર કરવા |
| 41 | જો નવી દિલ્હી : ભારત તો _________ : પાકિસ્તાન | ઇસ્લામાબાદ |
| 42 | જો ગુજરાત : ગાંધીનગર તો આસામ : ________ | દિસપુર |
| 43 | જો L M N = Z Y X તો E F G = ______ | S R Q |
| 44 | આપેલ શ્રેણીમાં કયો અંક અલગ પડે છે ? 16, 25, 36, 72, 144, 196<br>(A) 25 (B) 36 (C) 72 (D) 144 | (A) 25 & (C) 72 |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 45 | જો CONSUMER એટલે ERUMNSCO હોય તો, TRIANGLE એટલે _________ થાય. | LENGIATR |
| 46 | **અહીં અંગ્રેજી મૂળાક્ષરો, સંકેતો અને અંકોની નીચે આપેલ ગોઠવણ જૂઓ અને પ્રશ્નનો જવાબ આપો.**<br>**A E C B % 7 D $ E B 5 C ? 3 D E 9 @ 2 #**<br>**પ્રશ્નઃ અંગ્રેજી મૂળાક્ષરોના સ્વરોને દુર કરતા બાકી રહેતી ગોઠવણમાં ડાબી બાજુથી બારમા સ્થાન પર શું રહેશે ?** | (C) D |
| 47 | એક મહિનાનો પહેલો દિવસ સોમવાર છે અને તેજ મહિનાનો છેલ્લો દિવસ રવિવાર છે, તો તે મહિનો કયો હશે ? | ફેબ્રુઆરી |
| 48 | જાન્યુઆરી માસનો પ્રથમ દિવસ બુધવાર છે, તો તે માસમાં શનિવાર કઇ કઇ તારીખના આવશે ? | 4,11,18,25 |
| 49 | 15 જાન્યુઆરી, 2016 ના રોજ શુક્રવાર હતો, તો 21 માર્ચ, 2016 ના રોજ કયો વાર હોય ? | સોમવાર |
| 50 | તમારા મમ્મીના સસરાની દિકરી તમારા પપ્પાની શું થાય ? | બહેન |
| 51 | ‘પ્રેરણા’ માટે શું સાચું નથી. | પ્રેરણાએ વાતાવરણ પ્રત્યે ટેવગત અનુકૂલનનું તંત્ર છે. |
| 52 | ‘ **वसुधैव कुटुम्बकम** ’ સૂત્ર કયા પ્રકારની ‘પ્રેરણા’ હેઠળનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ? | સ્નેહ અને સંપર્ક |
| 53 | પ્રેરણાઓના શ્રેણીક્રમનો સિધ્ધાંત આપનાર મનોવૈજ્ઞાનિક કોણ હતા ? | અબ્રાહમ મેસ્લો |
| 54 | શાળા વ્યવસ્થાપન કેવી પ્રક્રિયા છે ? | આ તમામ |
| 55 | વ્યવસ્થાપનના કાર્યો સંબંધે નીચે પૈકી કયો વિકલ્પ યોગ્ય નથી ? | ફરજ પ્રત્યે ઉદાસીનતા |
| 56 | SCE ના સંદર્ભમાં નીચે પૈકી કયું વિધાન સાચું છે ? | પ્રથમ સત્રના અંતે SA-1 મૂલ્યાંકન થાય છે. |
| 57 | SCE નાં ફોર્મેટમાં રચનાત્મક મૂલ્યાંકન (FA) અને સત્રાંત મૂલ્યાંકન (SA) નાં સંદર્ભમાં નીચે પૈકી કયો વિકલ્પ સાચો નથી ?<br>(A) પ્રથમ સત્રમાં FA મૂલ્યાંકન એક વખત અને SA મૂલ્યાંકન એક વખત થાય છે.<br>(B) પ્રથમ સત્રમાં FA મૂલ્યાંકન એક વખત અને SA મૂલ્યાંકન બે વખત થાય છે.<br>(C) દ્વિતીય સત્રમાં FA મૂલ્યાંકન બે વખત અને SA મૂલ્યાંકન બે વખત થાય છે.<br>(D) દ્વિતીય સત્રમાં FA મૂલ્યાંકન બે વખત અને SA મૂલ્યાંકન એક વખત થાય છે. | (A) પ્રથમ સત્રમાં FA મૂલ્યાંકન એક વખત અને SA મૂલ્યાંકન એક વખત થાય છે.<br>(B) પ્રથમ સત્રમાં FA મૂલ્યાંકન એક વખત અને SA મૂલ્યાંકન બે વખત થાય છે.<br>(C) દ્વિતીય સત્રમાં FA મૂલ્યાંકન બે વખત અને SA મૂલ્યાંકન બે વખત થાય છે. |
| 58 | માધ્યમિક શાળાના વિદ્યાર્થીને વર્ષના અંતે શૈક્ષણિક સિદ્ધિના માપન માટે પ્રગતિ અહેવાલમાં ગ્રેડ નક્કી કરવા માટે પ્રવર્તમાન પદ્ધતિ અનુસાર કયો વિકલ્પ સાચો છે ? | નવ બિંદુમાન |
| 59 | પ્રવર્તમાન SCE ના અમલીકરણ દરમિયાન સત્રાંત મૂલ્યાંકન (SA) માં કેટલા ટકાથી ઓછા ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સત્રાંત મૂલ્યાંકનના અંતે ઉપચારાત્મક શિક્ષણમાં સાંકળવાના હોય છે ? | 33 ટકાથી ઓછા ગુણ |
| 60 | નીચે પૈકી કયો કાયદો/નિયમ સંગ્રહ/વિનિયમો માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલ નથી ? | RTE-2009 |
| 61 | નીચે પૈકી કઇ વિગત શાળા કક્ષાએ નિભાવવામાં આવતા જનરલ રજીસ્ટરમાંથી મળશે નહિં ? | વિદ્યાર્થીના શોખની નોંધ |
| 62 | નીચે પૈકીનું કયું રેકર્ડ શાળામાં કાયમી સાચવવાનું રેકર્ડ છે ? | જનરલ રજીસ્ટર |
| 63 | આચાર્યના કાર્યો અને તેની સાથે સંબંધિત પ્રવૃત્તિઓ ધ્યાને લઇ નીચે પૈકી કયો વિકલ્પ યોગ્ય નથી ? | માનવ સંબંધો - સ્વયં શૈક્ષણિક નિદર્શન પુરૂં પાડવું |
| 64 | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નીચે પૈકી કોણ હોદ્દાની રૂએ સભ્ય નથી ? | અધ્યક્ષશ્રી, એકેડેમિક કાઉન્સીલ, યુનિવર્સીટી |
| 65 | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી નીચેની પરીક્ષાઓ પૈકી કઈ પરીક્ષા તેના હેતુ અને ઉપલબ્ધિમાં અન્ય ત્રણથી જુદી પડે છે ? | રાષ્ટ્રીય ભારતીય મિલિટરી કોલેજ પ્રવેશ પરીક્ષા |

મ્યુનિસીપલ સ્કૂલ બોર્ડ, અમદાવાદમાં યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગતના નીચેના નમૂનાની માહિતીને આધારે નીચે આપેલ પ્રશ્ન : 66 થી 70 ના ઉત્તર આપો.

**Yearwise Gunotsav Result of Ahmedabad Municipal Corporation MSB School's**

| ગ્રેડ | 2010-11 | | 2011-12 | | 2012-13 | | 2013-14 | | 2014-15 | | 2015-16 | | 2016-17 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શાળાઓ | % | શાળાઓ | % | શાળાઓ | % | શાળાઓ | % | શાળાઓ | % | શાળાઓ | % | શાળાઓ | % |
| A+ | 0 | 0.00 | 0 | 0.00 | 5 | 4.03 | 3 | 0.64 | 12 | 2.61 | 6 | 1.28 | 47 | 10.40 |
| A | 0 | 0.00 | 2 | 0.42 | 69 | 55.65 | 83 | 17.58 | 160 | 34.78 | 108 | 23.03 | 306 | 67.70 |
| B | 1 | 0.25 | 15 | 3.16 | 45 | 36.29 | 262 | 55.51 | 186 | 40.43 | 153 | 32.62 | 91 | 20.13 |
| C | 53 | 13.09 | 228 | 48.00 | 5 | 4.03 | 57 | 12.08 | 41 | 8.91 | 69 | 14.71 | 6 | 1.33 |
| D | 266 | 65.68 | 227 | 47.79 | 0 | 0.00 | 67 | 14.19 | 61 | 13.26 | 133 | 28.36 | 2 | 0.44 |
| E | 63 | 15.56 | 1 | 0.21 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| F | 22 | 5.43 | 2 | 0.42 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 | 0 | 0.00 |
| **Total** | **405** | | **475** | | **124** | | **472** | | **460** | | **469** | | **452** | |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 66 | વર્ષ 2016-17 માં કેટલી શાળાઓ ગુણોત્સવ કાર્યક્રમમાં સમાવિષ્ટ હતી ? | 452 |
| 67 | છેલ્લા બે વર્ષમાં A-ગ્રેડની શાળાઓમાં કેટલા ટકાનો વધારો થયો ? | 44.67 |
| 68 | વર્ષ 2013-14 માં B, A અને A+ ગ્રેડમાં આવનાર કુલ શાળાઓની ટકાવારી કેટલી છે ? | 73.73 |
| 69 | 2016-17 નાં ગુણોત્સવ પરીણામ પછી B ગ્રેડથી નીચેની શાળાઓ કેટલી છે ? | 8 |
| 70 | વર્ષ 2012-13 માં કેટલી શાળાઓનો ગુણોત્સવ અંતર્ગત પરીણામ મળેલું છે ? | 124 |
| 71 | નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ખોટું છે ? | તિમિર - પ્રકાશ |
| 72 | સાચી જોડણીવાળો શબ્દ કયો છે ? | ઍસોસિયેશન |
| 73 | સરકાર તરફથી ખેતી માટે આપવામાં આવતા નાણાં - શબ્દ સમૂહ માટે એક શબ્દ કયો છે ? | તગાવી |
| 74 | આપણો મલક ઇ આપણો મલક - અલંકાર કયો છે ? | અનન્વય |
| 75 | સરકાર તરફથી રાહત કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. - આ વાક્યનું કર્તરિ વાક્ય જણાવો. | સરકારે રાહત કેન્દ્રો ખોલ્યા છે. |
| 76 | નીચે આપેલા વિકલ્પોમાંથી કયો એક શબ્દ સંધિ નિયમ પ્રમાણે જુદો પડે છે ? | ગંગૌઘ |
| 77 | મા-બાપ પુ<u>ત્રને</u> આશીર્વાદ આપે છે. અહિં રેખાંકિત વિભક્તિ ઓળખાવો. | સંપ્રદાન વિભક્તિ |
| 78 | 'કુહર' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.<br>(A) પર્વત (B) ગુફા (C) કાદવ (D) અંધકાર | (B) ગુફા & (D) અંધકાર |
| 79 | નીચેનામાંથી કયા રૂઢિપ્રયોગનો અર્થ બંધબેસતો નથી ? | આંખમાં આવવું - પ્રિય બનવું |
| 80 | નીચે આપેલા સમાસમાં કયું જોડકું અયોગ્ય છે ? | દશાનન - દ્વિગુસમાસ |
| 81 | નીચેનામાંથી કયો દ્વિરુક્ત શબ્દપ્રયોગ નથી ? | ઝબઝબ |
| 82 | મારી સાથે તમારે બહુ ટકટક કરવી નહીં. - આ વાક્યમાં રવાનુકારી શબ્દ કયો છે ? | ટકટક |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 83 | વનમાં વ્હાલજી કને હુંય વસું છું નેણ - નિપાત ઓળખાવો.<br>(A) કને (B) જી (C) ય (D) જી, ય | (B) જી & (C) ય & (D) જી, ય |
| 84 | પેલું વૃક્ષ મોટું છે - આ વાક્યમાં '<u>પેલું</u>' વિશેષણના કયા પ્રકારમાં આવશે ? | દર્શકવાચક |
| 85 | શબ્દકોષનો સાચો ક્રમ જણાવો : (1) અખંડિત (2) અખતરો (3) અખબાર (4) અખૂટ | 2-3-1-4 |
| 86 | What is your favourite sport ? | Swimming |
| 87 | When's your birthday ? | August second |
| 88 | When I stopped …….. to Anand, he was repairing his bike. We had a good talk. | to speak |
| 89 | They will be concerned to ……. expenditure on unnecessary items. | cut back |
| 90 | Vineet sent me photo of his new laptop, …… he bought last week. | which |
| 91 | Find the correct spelling.<br>(A) Calender (B) Celander (C) Calendar (D) Calander | (A) Calender & (C) Calendar |
| 92 | Who is that boy _____ the black jacket ? | in |
| 93 | "DYNAMIC" - Find the word that conveys the same meaning as the word. (Synonym) | Active |
| 94 | Find out correct spelling | Business |
| 95 | Are you able to _____ me that you'll have the work done on time ? | assure |
| 96 | I will wait ______ 6:30, but then I'm going home. | untill |
| 97 | After she won the prize, she looked pleased with __________ | herself |
| 98 | _________ did you invite to preside over the meeting ? | Whom |
| 99 | _______ is better, honour or riches ? | Which |
| 100 | What ______ she do in her free time ? | does |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| વિભાગ-2 (વહીવટી સંચાલન) | | |
| 101 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' એ કયા અધિનિયમ હેઠળ રચાયેલ છે ? | ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 |
| 102 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' અંતર્ગત 'નવું ખર્ચ' એટલે શું ? | ઉપરોક્ત તમામ |
| 103 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' અનુસાર સુપરવાઇઝર એટલે........... | જે તે શાળામાં શિક્ષકોના કામ ઉપર દેખરેખ રાખવા નિમાયેલ તે જ શાળાના પૂર્ણ કાલીન શિક્ષક |
| 104 | બોર્ડે રજીસ્ટર કરેલી શાળાઓની યાદી વિભાગને દર વર્ષે પૂરી પાડવાની સત્તા અને ફરજ કોની છે ? | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સેક્રેટરીની |
| 105 | બોર્ડના સામાન્ય સિક્કાનું સ્વરૂપ કોણ નક્કી કરે છે ? | બોર્ડની કારોબારી સમિતિ |
| 106 | વિનિયમોને અનુરૂપ આખરી પરીક્ષાનું સંચાલન કરવાનું અને પરીક્ષા લેવા માટેની તારીખો નિયત કરવાનો હુકમ કોણ કરે છે ? | બોર્ડની પરીક્ષા સમિતિ |
| 107 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' ના વિનિયમ - 8 (ક) મુજબ રચાયેલ શૈક્ષણિક સમિતિમાં બોર્ડે પસંદ કરવાનાં પાંચ સભ્યો માટે અકાદમીનાં જાણીતા બિનસભ્યોની સૂચિ કોણ તૈયાર કરે છે ? | A અને B સંયુક્ત રીતે |
| 108 | 5,000 ની વસતી ધરાવતા ગામની નોંધાયેલી માધ્યમિક શાળા પોતાના ગામમાં જ શાળાને ભાડાના મકાનમાંથી પોતાની માલિકીના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે છે. આ દરખાસ્ત કોણ મંજુર કરશે ?<br>(A) બોર્ડના સચિવશ્રી<br>(B) બોર્ડની કારોબારી સમિતિ<br>(C) સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>(D) નિયામકશ્રી, શાળાઓની કચેરી | (A) બોર્ડના સચિવશ્રી<br>&<br>(C) સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી |
| 109 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' ની જોગવાઇ અનુસાર સામાન્યતઃ કેટલી વસતી દીઠ એક માધ્યમિક શાળા હોવાનું ચાલુ ધોરણ સ્વીકારી શકાશે ? | 3000 |
| 110 | કોઇ માધ્યમિક શાળા સામે તેની માન્યતા રદ કરી માધ્યમિક શાળાઓના રજીસ્ટરમાંથી શાળાનું નામ દૂર કરવા જણાવે છે. આ માટે નિમાયેલ તપાસ અધિકારી પોતાનો રીપોર્ટ કોને સાદર કરશે ? | બોર્ડની કારોબારી સમિતિને |
| 111 | તમારી શાળાનાં ચાલુ ધોરણના નવા વર્ગ અથવા વધારાના વર્ગો શરૂ કરવાની પરવાનગી માટે અરજી કરવાની છે. તો આવી અરજી સક્ષમ અધિકારીશ્રીને કયા સમય સુધી સાદર કરવાની રહેશે ? | શૈક્ષણિક વર્ષનાં આરંભના એક માસની અંદર |
| 112 | તમારી નિમણુંક માધ્યમિક શાળાના વડા એટલે કે આચાર્ય તરીકે થાય છે. તો તમારા નામ, સરનામાની નોંધ બોર્ડની ઓફિસમાં કેટલા સમયમાં નોંધાવવી જોઇએ ? | નિમણુંક તારીખથી પછીના પંદર દિવસમાં |
| 113 | રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાનું શૈક્ષણિક અને વહીવટી બાબતો સાથે સંબંધિત હોય તેટલે સુધી બોર્ડ સાથે પત્ર-વ્યવહાર કોણ કરી શકે ? | શાળાનાં આચાર્ય |
| 114 | તમારી માધ્યમિક શાળામાં ધોરણ-9 માં પ્રવેશ માટે આવનાર વિદ્યાર્થી ધોરણ-1 માં પાંચ વર્ષ પૂર્ણ કરી 6 વર્ષની વયમાં જે તે સમયે ધોરણ-1 માં દાખલ થયા પછી દર વર્ષે ઉચ્ચ ગુણાંક સાથે પાસ થઇ ધોરણ-8 પાસ કરી તે વિદ્યાર્થી પોતે તમારી શાળામાં પ્રવેશ માટે અરજી કરે છે. તો શાળાના વડા તરીકે તમે શું કરશો ? | ધોરણ-9 માં પ્રવેશ મેળવવા માટે તે વિદ્યાર્થીનાં વાલી/મા-બાપની લેખિત અરજીનો આગ્રહ રાખીશ. |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 115 | અન્ય રાજ્યમાંથી એક વિદ્યાર્થી ‘શાળા છોડ્યાનું પ્રમાણપત્ર’ લઇ તમારી શાળામાં પ્રવેશ માટે આવે છે. ત્યારે તે પ્રમાણપત્ર પર સામી સહિ (કાઉન્ટર સાઇન) કોની હોવી જોઇએ ? | અગાઉની શાળા જે વિસ્તારમાં આવે છે ત્યાંના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની |
| 116 | તમારી શાળામાં ભણતા વિદ્યાર્થીના વાલી તેના બાળકની જન્મ તારીખ સુધારવા માંગે છે. તો ‘ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974’ નાં કયા વિનિયમમાં ઠરાવેલ પુરાવા મેળવશો ? | વિનિયમ-12 (ક) (4) |
| 117 | કોઇ શાળા વિદ્યાર્થીના વાલી પાસે રોકડ કે વસ્તુ સ્વરૂપે શાળામાં પ્રવેશ આપવા માટે દાન સ્વીકારવા બદલ દોષિત જણાય છે તો ‘ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974’ ની જોગવાઇ મુજબ શું થઇ શકે ? | શાળાની નોંધણી રદ થવા પાત્ર થશે |
| 118 | રજીસ્ટર થયેલી તમારી માધ્યમિક શાળાએ જે તે શૈક્ષણિક વર્ષમાં કેટલા દિવસો કરતા ઓછા ન હોય તેટલા દિવસો સુધી શિક્ષણ આપવું જોઇએ ? | 240 દિવસ |
| 119 | ‘ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974’ ની જોગવાઇ મુજબ શાળાએ વેકેશન સહિત 80 દિવસો કરતાં વધુ નહિં તેટલી રજા પાડશે તે ઉપરાંત તેને કયા દિવસોની રજા મળવાપાત્ર થશે ? | ઉપરોક્ત તમામ |
| 120 | વિનિયમોની જોગવાઇ મુજબ રજીસ્ટર થયેલી શાળા સામાન્ય રીતે કેટલા કલાક ચાલવી જોઇએ ? | 6 કલાક |
| 121 | રજીસ્ટર થયેલી માધ્યમિક શાળાએ ‘ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974’ નાં વિનિયમ-17 (4) મુજબ અઠવાડિયામાં બધુ મળીને કેટલા કલાક શિક્ષણ આપવું જોઇએ ? | 27 કલાક |
| 122 | પ્રવર્તમાન જોગવાઇ મુજબ માધ્યમિક શાળામાં 2300 કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો કેટલા પટાવાળાઓનું મહેકમ મળશે ? | 2 |
| 123 | જો તમારી માધ્યમિક શાળામાં 23 વર્ગો હોય તો કેટલા સુપરવાઇઝરની જગા મળવાપાત્ર થશે ? | 2 |
| 124 | રજીસ્ટર થયેલી શાળામાં હેડ માસ્તર, શિક્ષકો અને બિન અધ્યાપકીય સ્ટાફનાં સભ્યોની લાયકાત ‘ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974’ નાં કયા વિનિયમથી નક્કી થયેલ છે ? | વિનિયમ-20 |
| 125 | તમારી માધ્યમિક શાળામાં નવી નિમણુંક પામેલ શિક્ષકે/શિક્ષણ સહાયકે તબીબી પ્રમાણપત્ર કેટલા સમયમાં રજુ કરવું પડશે ? | નિમણુંક તારીખથી ત્રણ માસમાં |
| 126 | તમારી માધ્યમિક શાળામાં નિમણુંક પામેલ નવા કર્મચારીની સેવાપોથી કયા નમૂનામાં નિભાવશો ? | નમૂનો-5 |
| 127 | તમારી માધ્યમિક શાળામાંથી કોઇ એક શિક્ષક શ્રેષ્ઠ શિક્ષક તરીકેની ફાઇલ રજુ કરવા માગે છે. તો તેણે આ ફાઇલ કોની સમક્ષ રજુ કરવાની રહે છે ?<br>(A) શાળાના મુખ્ય શિક્ષક/આચાર્ય (C) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>(B) શાળા સંચાલક મંડળ (D) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | (C) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>&<br>(D) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી |
| 128 | તમારી માધ્યમિક શાળાનાં એક શિક્ષકની જન્મ તારીખ 17-08-1959 છે. જેમને સત્રાંતે નિવૃત્ત કરવામાં આવે છે. ચાલુ વર્ષે દિવાળી વેકેશન તા.16-10-2017 થી તા.05-11-2017 સુધી છે. તો તેઓ કયા સમય સુધીનાં પગાર માટે હક્કદાર ગણાશે ? | તા.31-10-2017 સુધી |
| 129 | તમારી માધ્યમિક શાળાના પૂર્ણકાલીન શિક્ષકે શાળાની જરૂરીયાતો પ્રમાણે દરરોજના વિરામના સમયને બાદ કરતાં અઠવાડિયાનાં કેટલા કલાક શાળામાં હાજર રહેવું જોઇશે ? | 30 કલાક |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 130 | રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની શિસ્ત વિષયક પગલાં આધારે વિનિયમોનાં પરિશિષ્ટ-1 માં દર્શાવેલ શિક્ષા કરવાની સત્તા કોની પાસે છે ? આ સત્તા કયા વિનિયમથી મળેલ છે ? | આચાર્ય/મુખ્ય શિક્ષક પાસે, વિનિયમ-27 (અ) |
| 131 | આચાર્યને મોટી શિક્ષા કરવા માટે રચાયેલ તપાસ સમિતિમાં બોર્ડની પેનલમાંથી એક સભ્યની નિમણુંક કોણ કરે છે ? | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી |
| 132 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' ના વિનિયમ - 30 (2) (ક) મુજબ અપવાદરૂપ સંજોગો સિવાય સામાન્ય રીતે કેટલા દિવસની પરચુરણ રજા એક સાથે ભોગવી શકાય ? | ત્રણ દિવસ કરતાં વધુ ન હોય તેટલા દિવસ |
| 133 | શિક્ષકની રજાની બાબતમાં શાળાના વડા કે સંચાલક મંડળને કઇ સત્તા પહોંચતી નથી ? | રજાનો પ્રકાર બદલવાની |
| 134 | સ્ત્રી શિક્ષિકાને 180 દિવસની પુરા પગારી પ્રસુતિ રજા ક્યારે મળી શકે ? | એક કરતાં વધારે બાળકો હયાત ન હોય અને બે વર્ષની નોકરી પૂર્ણ થઇ હોય |
| 135 | 'ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974' નાં કયા વિનિયમમાં પૂર્ણકાલીન અધ્યાપકીય સ્ટાફ ને ખાનગી ટ્યુશન કરવા બાબતની જોગવાઇ વર્ણવી છે ? | વિનિયમ-32 |
| 136 | તમારી માધ્યમિક શાળાના એક કાયમી કર્મચારીને વિદેશ જવાનું હોવાથી તા.31-10-2017 થી અમલમાં આવે તે રીતે રાજીનામું આપતી નોટીશ તમોને તા.13-10-2017 નાં રોજ આપે છે તો તેમને કેટલા દિવસનો નોટીશ પગાર ભરવો પડશે ? | 71 દિવસ |
| 137 | રજીસ્ટર થયેલ દરેક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાએ રાખવાના રેકર્ડ અને રજીસ્ટરોની વિગત કયા વિનિયમમાં વર્ણવી છે ? | વિનિયમ-38 |
| 138 | તમે બોર્ડના સભ્ય તરીકે ઉમેદવારી નોંધાવી છે તો જેમાં મતપત્રનાં નમૂના-ખ માં તમારું નામ કયા ક્રમ પ્રમાણે હશે ? | ગુજરાતી વર્ણમાળાના કક્કાવારી પ્રમાણે |
| 139 | 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972' ને નવું નામાભિધાન 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972' કયા સુધારા અધિનિયમ અન્વયે થયેલ છે ? | ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-2002 |
| 140 | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ કોણ હોય છે? | રાજ્ય સરકાર નિમે તે |
| 141 | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ગુજરાત વિધાનસભા પોતાના પાંચ સભ્યો કઇ રીતે ચૂંટીને મોકલે છે ? | ક્રમિક મત પધ્ધતિથી પ્રમાણસર પ્રતિનિધિત્વ |
| 142 | ઉત્તર બુનિયાદી શાળાનાં આચાર્યોએ પોતાનામાંથી કેટલા સભ્યો ચૂંટીને બોર્ડમાં મોકલવાના હોય છે ? | એક |
| 143 | અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામ નિયુક્ત થયેલ સભ્યો બોર્ડમાં કેટલો સમય સભ્ય તરીકે હોદ્દા પર રહી શકે છે ? | રાજ્ય સરકાર ઇચ્છે ત્યાં સુધી |
| 144 | બોર્ડનાં સભ્યોની ગેરલાયકાતો 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972' ની કઇ કલમમાં વર્ણવામાં આવી છે ? | કલમ-8 |
| 145 | હોદ્દાની રૂએ બોર્ડના સભ્ય ન હોય તેવા કોઇ સભ્ય પોતાનું રાજીનામું આપવા માગે છે તો તેઓ પોતાનું રાજીનામું કોને આપશે ? | બોર્ડના અધ્યક્ષને |
| 146 | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠક વર્ષે ઓછામાં ઓછી કેટલીવાર મળવી જોઇએ ? | ત્રણ વાર |
| 147 | રજીસ્ટર થયેલી શાળામાં ઉપયોગ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે તૈયાર કરેલ પાઠ્યપુસ્તકો મંજુર કરવાની સત્તા કોની પાસે છે ? | (D) અગ્ર સચિવશ્રી, શિક્ષણ |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 148 | ગુજરાત માધ્યમિ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના કારોબારી અધિકારી કોણ ગણાય ? | બોર્ડના સચિવશ્રી |
| 149 | ‘ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972’ હેઠળ નિમવામાં આવેલ અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, સચિવ, સંયુક્ત અને મદદનીશ સચિવ તેમજ અન્ય અધિકારી/કર્મચારીઓ રાજ્ય સરકારના કર્મચારી ગણાશે તેવી જોગવાઇ આ અધિનિયમની કઇ કલમમાં થયેલ છે ? | કલમ-22 |
| 150 | બોર્ડે આગામી નાણાંકીય વર્ષ માટે બોર્ડની આવક અને ખર્ચના બજેટના અંદાજો રાજ્ય સરકારને ક્યારે સાદર કરવાના હોય છે ? | નાણાંકીય વર્ષની શરૂઆતથી ત્રણ મહિના અગાઉ |
| 151 | તમે માધ્યમિક શાળાનો ધોરણ-9 નો વર્ગ શરૂ કરેલ છે. પરંતુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ હેઠળ બોર્ડ પાસે તેવું રજીસ્ટ્રેશન કરાવેલ નથી. તો તમે અધિનિયમની કઇ કલમનો ભંગ કર્યો ગણાય ? | કલમ-31 (1) |
| 152 | રજીસ્ટર થયેલી શાળાઓનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવા બાબતની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-33 (1 થી 6) નો કોઇ મજકુર કઇ સંસ્થાઓને લાગુ ન પડે ? | ઉપરોક્ત (A) અને (B) બંનેને |
| 153 | ‘ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972’ ની કલમ-38, 39, 40 હેઠળ રચાયેલ ટ્રીબ્યુનલની જોગવાઇ ક્યા વિધેયકના કારણે રદ થયેલ સમજવી જોઇએ ? | ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ વિધેયક-2006 |
| 154 | તમારી રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને બંધ કરવા માગો છો તો તે અંગેની બોર્ડને લેખીત નોટીશ કેટલા સમય પહેલા આપવી પડશે ? | જે તારીખથી શાળા બંધ કરવા ધાર્યું હોય તે તારીખથી છ માસ પહેલા |
| 155 | ‘બોર્ડને આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા રહેશે’ આ બાબત અધિનિયમની કઇ કલમમાં જોવા મળશે ? | કલમ-48 (1) |
| 156 | રાજ્ય સરકાર નીચેના પૈકી કઇ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાને ‘ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972’ ની તમામ જોગવાઇઓ અથવા તે પૈકી કોઇ પણ જોગવાઇમાંથી મુક્તિ આપી શકશે ? | ઉપરોક્ત તમામ |
| 157 | ‘ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972’ માં કુલ કેટલી કલમો છે ? | 59 |
| 158 | માધ્યમિક શાળાઓ માટે ‘સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહ-1964’ ક્યારથી અમલમાં આવેલ છે ? | તા.01-04-1964 થી |
| 159 | તમારી શાળાના ધોરણ-11 માં પ્રવેશ માટે વિદેશથી અભ્યાસ કરીને આવતો એક વિદ્યાર્થી આવે છે. તો તેના પ્રવેશ માન્યતા માટે ‘ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ’ માંથી કયું પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે ? | (B) સમકક્ષતા પ્રમાણપત્ર |
| 160 | તમે જે શાળાના આચાર્ય છો તે શાળાના ધોરણ-9 નાં એક વિદ્યાર્થીની હાજરી 63 ટકા છે. તો હાજરીમાં થતી તૂટ માફ કરવાની સત્તા કોને પહોંચશે ? | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને |
| 161 | હાલ માધ્યમિક શાળા કક્ષાએ લેવાતી નીચે પૈકી કઇ પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર સાથે તમારે સંપર્ક કરવાનો પ્રસંગ બને ? | NTSE |
| 162 | માધ્યમિક શાળાના શિક્ષકોની ‘શિક્ષક સજ્જતા તાલીમ’ નું આયોજન કઇ સંસ્થા મારફત કરવામાં આવે છે ? | રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન, કચેરી, ગાંધીનગર |
| 163 | આચાર્ય તરીકે તમારી પાસે સગીર વિદ્યાર્થીના વાલી શાળા છોડ્યાના પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરે છે. તો તેમને કેટલા દિવસમાં આવું પ્રમાણપત્ર કાઢી આપવું જોઇએ ? | અરજી મળ્યાનાં 7 દિવસમાં |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 164 | માધ્યમિક શાળામાં નિભાવવામાં આવતા વિદ્યાર્થી માટેનાં પ્રગતિ પત્રક ‘ગ્રાન્ટ ઇન એઇડ કોડ-1964’ ના કયા નિયમ મુજબ રાખવામાં આવે છે ? | નિયમ-36 |
| 165 | ‘સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964’ ના નિયમ-51 (2) માં જણાવેલ 12 રજાઓ પૈકી નીચેનામાંથી કઇ રજાનો સમાવેશ થતો નથી ? | દશેરા |
| 166 | પાળી પધ્ધતિથી ચાલતી શાળાઓ માટે ‘સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964’ ના કયા નિયમ મુજબ શાળાનો સમય અઠવાડિયાના પાંચ દિવસ માટે 6 કલાકનાં નિયમમાં છુટછાટ મળે છે ? | નિયમ-53 |
| 167 | તમારી શાળામાં કોઇ વિદ્યાર્થી મોબાઇલ લઇ ભણવા આવે છે તો તેણે ‘સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964’ ના કયા નિયમનો ભંગ કર્યો ગણાય ? | નિયમ-54 |
| 168 | જો કોઇ સંચાલક મંડળ અનામત જગ્યાઓ અંગેના નિયમનું પાલન ન કરે તો તે સંસ્થાના સ્ટાફના પગાર ખર્ચ સિવાયના મળવાપાત્ર અનુદાનમાં કેટલા ટકાનો કાપ મુકવામાં આવે છે ? | 5 ટકાનો |
| 169 | ‘સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964’ ના નિયમ-60 મુજબ કેટલા વર્ગોથી વધુ વર્ગોવાળી શાળા એક વધારાના વડાની નિમણુંક કરી શકે છે ? | પંદર |
| 170 | સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964 અનુસાર અજમાયશી કર્મચારી બાબતમાં ખાનગી અહેવાલ ક્યારે ભરાય છે ? | દરેક સત્રને અંતે |
| 171 | દશ વર્ષ કરતાં વધુ નોકરીવાળા તમારી માધ્યમિક શાળાના કાયમી કર્મચારીને શાળામાં નોકરીમાંથી તબીબી કારણોસર છુટા કરવાના થાય છે. તો તેઓને કેટલા પગાર જેટલી ગ્રેજ્યુઇટી મળશે ? | છ મહિનાના પગાર |
| 172 | તમારી માધ્યમિક શાળામાં 'ICT@SCHOOLS' યોજનાનો લાભ લેવા માટે તમારે કઇ કચેરીનો સંપર્ક કરવો પડશે ? | નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર |
| 173 | બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા તેઓને મળતા મકાન ભાડા અને ઇતર ખર્ચના વિકલ્પે લેવામાં આવતી ફી મુજબ હાલમાં ધોરણ-11 માં વિદ્યાર્થી દીઠ કેટલી ફી લઇ શકાય ? | માસિક ₹ 80 |
| 174 | રાજ્યની માધ્યમિક શાળાઓ માટે NCERT મારફત યોજાતા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું રાજ્ય કક્ષાએ કઇ સંસ્થા મારફત અમલીકરણ થાય છે ? | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર |
| 175 | માધ્યમિક શાળાઓને મળવાપાત્ર ગ્રાન્ટ, ફી કે અન્ય નાણાંકીય જોગવાઇ અંગેના સરકારના ઠરાવ કોના દ્વારા બહાર પડાય છે ? | શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| 176 | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળનો ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં શો ફાળો છે ? | બોર્ડના ભલામણથી રાજ્ય સરકારે મંજુર કરેલ અભ્યાસક્રમ આધારિત પાઠ્યપુસ્તક નિર્માણ કરવાનું |
| 177 | નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ એ કયા પ્રકારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય બને છે ? | વર્ગ-ક હોદ્દાની રૂએ સભ્ય |
| 178 | શિક્ષણ સંસ્થામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારીને નીચેના પૈકી કઇ રજા મળવાપાત્ર નથી ? | ચઢેલી રજા |
| 179 | તમારી માધ્યમિક શાળાના શિક્ષકની રજાઓ મંજુર કરવામાં આવી હોય છતાંપણ તે શિક્ષક રજા પગાર માટે હક્કદાર થતો નથી તો તેણે કઇ રજા ભોગવી હશે ? | અસાધારણ રજા |

| No. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 180 | કયા પ્રકારની ગ્રાન્ટને નિભાવ ગ્રાન્ટ કહેવામાં આવે છે ? | શિક્ષણ સંસ્થાઓના સંચાલક મંડળને સંસ્થાઓના નિભાવમાં સહાય કરવા સ્વીકાર્ય ખર્ચ ઉપર અપાતી ગ્રાન્ટ |
| 181 | ગ્રામ્ય તથા પછાત વિસ્તારમાંની શાળાઓને સ્વીકાર્ય ખર્ચના કેટલા ટકા નિભાવ ગ્રાન્ટ મળી શકે ? | 50 ટકા |
| 182 | માધ્યમિક શિક્ષણ વિભાગમાંથી ધોરણ-8 સંપૂર્ણપણે કયા વર્ષથી બંધ કરવામાં આવેલ છે ? | જૂન-2012 થી |
| 183 | ખાતા પાસેથી સહાયક ગ્રાન્ટ મેળવવા ઇચ્છતી માન્ય શાળાઓએ જે વર્ષમાં ગ્રાન્ટ મેળવવી હોય તેની શરૂઆતની છ માસ પહેલા કોને અરજી કરવાની રહેશે ? | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને |
| 184 | નિભાવ અનુદાન સામાન્ય રીતે કેટલા હપ્તામાં આપવામાં આવે છે ? | ચાર હપ્તામાં |
| 185 | શહેરી વિસ્તારમાં સરાસરી હાજરીની ટકાવારી 80 ટકા કરતાં વધુ પરંતુ 90 ટકા કરતા ઓછી છે તો કેટલો ગ્રાન્ટ કાપ આપી શકાય ? | કોઇ ગ્રાન્ટ કાપ નહિં |
| 186 | 'સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964' ના નિયમોનુસાર કુલ ખર્ચના વધુમાં વધુ કેટલા દરે મકાન ભાડા ગ્રાન્ટ આપી શકાય ? | 1/4 |
| 187 | નિભાવ ગ્રાન્ટના હેતુસર કઇ શાળાઓને શહેરી વિસ્તારની શાળા ગણાવામાં આવે છે ? | 50,000 કે તેથી વધુ વસતીવાળા શહેરની શાળાઓ |
| 188 | સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964 નાં કયા પરિશિષ્ટમાં શાળાના વડાની ફરજો જોવા મળશે ? | પરિશિષ્ટ-17 |
| 189 | ઉત્તર બુનિયાદી શાળાઓએ શારીરિક શ્રમ અંગે થયેલ ખર્ચના કેટલા ટકા સહાયક ગ્રાન્ટ તરીકે મળી શકે ? | કોઇ ગ્રાન્ટ મળવાપાત્ર નથી |
| 190 | કઇ યોજના હેઠળ રાજ્યના જે વિસ્તારોમાં 5 કિમીમાં માધ્યમિક શાળા અને 7 થી 10 કિમીમાં ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય ત્યાં નવી શાળા શરૂ કરવામાં આવે ? | RMSA |
| 191 | સહાયક અનુદાનની જુની પ્રથામાં ફેરફાર કરીને વર્ગ દીઠ ઇત્તર ખર્ચ અને મકાન ભાડા માટે અપાતી અનુદાનની રકમમાંથી કેટલા ટકા રકમ મકાન ભાડા/નિભાવ ખર્ચમાં વાપરી શકાય છે ? | અનુદાનના 35 ટકા |
| 192 | સહાયક અનુદાન નિયમ સંગ્રહ-1964 ના પરિશિષ્ટ-9 માં ઠરાવેલ નમૂનામાં દર્શાવેલ રજીસ્ટર કઇ બાબતને લગતું છે ? | વિદ્યાર્થીઓની હાજરી અંગેનું રજીસ્ટર |
| 193 | અનુદાનિત માધ્યમિક શાળાને માસિક ગ્રાન્ટ ચુકવવામાં આવે છે. જેમાં વર્ગ દીઠ મહત્તમ માસિક ગ્રાન્ટ પ્રવર્તમાન કયા દરે ચુકવાય છે ? | ₹ 2,400 |
| 194 | રાજ્યમાં સને 2010 થી શરૂ કરેલ 'ગુજરાત ઓપન સ્કૂલ' એ કયા સ્તરના શિક્ષણ માટેની સ્વાયત સંસ્થા છે ? | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ |
| 195 | સ્વનિર્ભર શાળાને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેનાં નિયત થયેલ પસંદગીના ધોરણોવાળી શાળાઓને વિદ્યાર્થી દીઠ પ્રતિ વર્ષ કયા દરથી પ્રોત્સાહક આર્થિક સહાય મંજુર કરાય છે ? | ₹ 7,500 |
| 196 | કોઇ માધ્યમિક શાળાને માન્યતા આપતી વખતે આપેલ શરતોનું પાલન ન કરવાના કિસ્સામાં સક્ષમ અધિકારી શું કરશે ? | ઉપરોક્ત તમામ વિધિઓ કર્યા પછી સંચાલક મંડળ ક્ષતિઓ સુધારે નહિં તો માન્યતા પાછી ખેંચી લેશે. |
| 197 | સંચાલક મંડળના નામ અથવા સંચાલક મંડળમાં ફેરફાર કરવાની અરજી શાળાએ કોને કરવાની હોય છે ? | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને |
| 198 | શાળાનું સંચાલક મંડળ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી વગર એક ગામમાંથી બીજા ગામમાં શાળાનું સ્થળ બદલે છે. આવા કિસ્સામાં નીચે પૈકી કઇ જોગવાઇ છે ? | શાળાની માન્યતા આપોઆપ પરત ખેંચાયેલી ગણાશે. |

| No. | પ્રશ્ન | જવાબ |
| --- | --- | --- |
| 199 | વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં કઇ બાબત જોવા નહિં મળે ? | વિદ્યાર્થીના આરોગ્યની નોંધ |
| 200 | હાલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ ખંડમાં શિક્ષકનું ટેબલ, બ્લેકબોર્ડ તથા જરૂરી સાધન સામગ્રી માટે જરૂરી જગ્યા ઉપરાંત વિદ્યાર્થી દીઠ કેટલા ચોરસ ફુટની જગ્યા હોવી જરૂરી છે ? | 6 ચોરસ ફૂટ |

નોંધઃ- **તા.09-10-17** નાં રોજ **Provisonal Answer Key** પ્રસિધ્ધ કર્યા બાદ ઉમેદવારો તરફથી પેનલ પર ઓનલાઇન મળેલ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મૂક્યા પછી તજજ્ઞ સમિતિએ સુચવેલ સુધારા અન્વયે **Final Answer Key** તૈયાર કરવામાં આવેલ છે. આન્સર કી માં ક્રમ નં.**44, 57, 78, 83, 91, 108, 127, 147** અને **159** એમ કુલ **9** (નવ) જવાબોમાં સુધારાઓ થયેલ છે.